| | | | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રાપ્તિ તારીખ | ૧૭/૦૪/૨૦૨૩ | | |
| | | નોંધ્યા તારીખ | ૧૭/૦૪/૨૦૨૩ | | |
| | | ફેંસલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | સત્યમેવ જયતે | | ૦૨ | ૧૧ | ૨૧ |

**નડીઆદના મે. પાંચમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ**
**એમ.એમ.ગાંધી સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નડીઆદ.**

**ફોજદારી કેસ નં.૧૮૫૨/૨૦૨૩**
**આંક–૩૨**

**સી.જે.ફાયનાન્સ લી.,**
**સી.જે.હાઉસ મોટાપોર, નડિયાદના કુ.મુ. તરીકે,**
**જીગ્નેશભાઈ જગદીશભાઈ પંચાલ,**
ઠે.મોટાપોર, નડિયાદ, જી.ખેડા. **.....ફરિયાદી**

**વિરૂધ્ધ**

**વિશાલકુમાર ધીરુભાઈ મકવાણા,**
રહે.૮૭/૧, ઈશ્વરકૃપા સોસાયટી,
મુ.પો.ભાદરણ, તા.બોરસદ, જી.આણંદ. **.....આરોપી**

**ગુનો–ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે**

| | |
|---|---|
| **ફરિયાદપક્ષ તરફે** | વિ.વ.શ્રી પી.આર.મહીડા |
| **આરોપીપક્ષ તરફે** | વિ.વ.શ્રી જે.એસ.મલેક |

**// ચુ કા દો //**

**૧..** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કંપનીઝ એકટ નીચે રજીસ્ટ્રર થયેલ પબ્લીક લી. કંપની છે જે ફાયનાન્સનો

ધંધો કરે છે અને જરૂરિયાત મંદોને નાણાની જરૂર હોઇ નાણા ધીરે છે. તેમજ ફરિયાદી ફરિયાદી કંપનીના કુલમુખત્યાર છે. તો.દારને તા.૨૧/૦૪/૨૦૨૧ ના રોજ હીરો મેષ્ટ્રો વાહન ખરીદવા રૂા.૫૫,૨૩૮/– ની જરૂર હોઇ લોનની માંગણી કરતા ધિરાણ આપેલ જે અંગેનું એચ.પી. એગ્રીમેન્ટ કરવામાં આવેલ હતુ. સદર લોનની રકમ તો.દારે ફરિયાદીને નિયમિત માસિક હપ્તેથી ચુકવી આપવાનું એચ.પી. એગ્રીમેન્ટ મુજબ નકકી કરવામાં આવેલ. જે તો.દારે નિયમિત હપ્તા ન ચુકવતા ફરિયાદીએ તેઓની તો.દાર પાસે લોન ખાતાની બાકી નીકળતી રકમનો હિસાબ કરી તો.દારે ફરિયાદી કંપનીના નામનો બેન્ક ઓફ બરોડા, ભાદરણ શાખાનો રૂા.૮૦,૧૨૦/– નો તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજનો ચેક નં.૦૪૨૪૭૨ આપેલો અને સદર ચેક આપતી વખતે તો.દારે જણાવેલ કે સદર ચેક ખાતામાં જમા કરાવતા અચુક સ્વીકારાઇ જશે તેવો વિશ્વાસ આપેલ જેથી ફરિયાદીએ તેઓની એકસીસ બેન્ક, નડિયાદ શાખામાં નાણા મેળવવા માટે તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ રજૂ કરેલો જે ચેક તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ ''ફંડસ ઇનસફિશિયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ. જેથી ફરિયાદીએ તો.દારને તેઓના વકીલશ્રી મારફતે તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ રજી.એ.ડી.થી. નોટીસ આપેલ જે તો.દારને તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવાછતાં ચેકમાં જણાવ્યા મુજબની રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. જેથી ફરિયાદીઓએ આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાની હાલની ફરિયાદ કરેલ છે.

**૨..** સદરહું કામે કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ હતો અને આરોપી આ કેસના કામે હાજર થતા આરોપીની આંક–૧૩ થી પ્લી રેકોર્ડ કરવામાં આવેલી હતી. આરોપીએ ગુનો કર્યાનો ઇનકાર કરેલ હોય કેસની આગળની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી.

૩.. સદરહું કેસના સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી જીગ્નેશભાઇ જગદીશભાઇ પંચાલનાઓનું સરતપાસનું સોગંદનામુ | ૦૪ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક (નં.૦૪૨૪૭૨) | ૧૭ |
| ૨ | રીટર્ન મેમો | ૧૮ |
| ૩ | અસલ નોટીસ | ૧૯ |
| ૪ | પોસ્ટ ખાતાની વિન્ડો પાવતી તથા ટ્રેક રિપોર્ટ | ૨૦ |
| ૫ | પાવર ઓફ એટર્નીની ખરી નકલ | ૨૧ |

૪.. નામદાર સર્વોચ્ચ અદાલતે ઇન્ડિયન બેંક એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયાના AIR 2014 SC 2528 ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આરોપીની પ્લી નોંધવામાં આવે ત્યારે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ બચાવ રજૂ કરવાનો રહેશે અને સાથે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૪૫(૨) મુજબ ફરિયાદી તથા તેમના સાક્ષીઓને રિકોલ કરવા અરજી આપવી જોઈશે. જો આરોપી તેમ કરવામાં નિષ્ફળ જાય તો કેસ આરોપીના બચાવના પુરાવા માટે રાખવો જોઈશે. હાલના કેસમાં આરોપીની પ્લી નોંધાઈ ત્યારે આરોપીએ કોઈ બચાવ રજૂ કરેલ નથી કે ફરિયાદીને રિકોલ કરવા અરજી આપેલ નથી. આમ, કેસ સીધો જ આરોપીના પુરાવા માટે એટલે કે ફરિયાદી કે સાક્ષીઓની ઉલટતપાસની તક આપવાની જરૂર નથી. આ સિવાય ફરિયાદ પક્ષ દ્વારા અન્ય કોઈ પુરાવો રજૂ થયેલો નથી અને ફરિયાદ પક્ષ તરફે આંક–૩૦ થી પુરાવો પૂરો

થયાની પુરસીસ રજૂ થયેલ છે. ઉપરોક્ત મુજબનો પુરાવો પૂરો થયા બાદ આરોપીનું વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ (બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧) અન્વયે નોંધવાના સ્ટેજ ઉપર હોય પરંતુ આરોપી તેમના વિશેષ નિવેદન માટે પણ હાજર રહેલા નથી અને હાલની ફરિયાદની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચાલેલી હોય, આંક–૨૯ ના હુકમ મુજબ આરોપીના એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ હોય, આરોપીની ગેરહાજરીના કારણે તેઓનું વધારાનું નિવેદન નોંધેલ નથી.

**૫..** ત્યારબાદ ફરિયાદીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલો કરેલ છે અને જેમાં તેઓએ તેમની ફરિયાદની હકીકત મુજબની દલીલો કરી ફરિયાદીના સોગંદ પરના પુરાવાના સમર્થનમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાથી તેઓની કેસ પુરવાર થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ આરોપી તરફે કોઈ હાજર ન હોય, આંક–૩૧ ની અરજીના હુકમ મુજબ તેઓનો દલીલનો હક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દાઓ ::</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીના બાકી નીકળતા કાયદેસરના નાણાં પેટે રૂા.૮૦,૧૨૦/– (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર સાતસો પચાસ પૂરા)નો ચેક નં.૦૪૨૪૭૨, બેન્ક ઓફ બરોડા, ભાદરણ શાખાનો તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજનો આપેલ અને જે ફરિયાદીએ તેમની બેંકમાં રજૂ કરતા "ફંડ્સ ઈનસફિશિયન્ટ" ના શેરા સાથે તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ પરત ફરતા તે કાયદેસરની માંગણી નોટિસ આપવા છતાં ચેકના નાણાં ફરિયાદીને નહીં ચૂકવી આપી, આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો

શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**૬..** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**૭..** ઉપરોક્ત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નંબર – ૧**

**૮..** પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેની દંડાત્મક જોગવાઈ દેશમાં બેંક દ્વારા થતા નાણાકીય વ્યવહારોની વિશ્વસનીયતા ને મજબૂતી આપવા માટે કરવામાં આવેલી છે. સામાન્ય રીતે મજકૂર અધિનિયમ હેઠળના ઉપરોક્ત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતે તેમના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે જ્યારે ચેકમાંની સહી આરોપીની હોવાનું પુરવાર થાય ત્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૯ અન્વયેનું અનુમાન કરવાનું રહે. સદરહું કાયદાની કલમ ૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરુદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવું અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું ઠરાવેલ છે. અલબત્ત, આથી વિરુદ્ધનો ખંડનાત્મક પુરાવો રેકોર્ડ પર રજૂ કરી શકાય છે. સદરહું અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની છે.

આવો પુરાવો અધિનિયમની કલમ ૧૩૯ હેઠળના કાનૂની અનુમાનને વાજબી અને પ્રતીતિજન્ય રીતે ખંડિત કરી શકેલ છે કે કેમ તેવી બાબતો પ્રત્યેક કેસમાં રજૂ થયેલ પુરાવાની વિગત ઉપર અવલંબે છે. અધિનિયમની કલમ ૧૩૯ હેઠળનું અનુમાન તે હકીકતનું નહીં, પરંતુ કાયદાનું અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનું ખંડન સંતોષકારક એવી હકીકતોથી પ્રતિપક્ષ કરી શકે નહીં તો કલમ ૧૩૯ હેઠળનું કાનૂની અનુમાન ફરિયાદપક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે. જો આરોપી આ અનુમાનનું ખંડન કરી શકે છે તો, તેવા સંજોગોમાં ફરિયાદી ઉપર આરોપી વિરુદ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વાજબી શંકાથી પર હોય તે મુજબ પુરવાર કરવાની જવાબદારી આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરિયાદી સફળ થાય છે કે નહીં, તેના આધારે ફરિયાદનો અંતિમ નિર્ણય લેવાનો રહેતો હોય છે.

૯.. આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી જીગ્નેશભાઇ જગદીશભાઇ પંચાલનાએ આંક–૪ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ ફરિયાદ હકીકત અને રજૂ દસ્તાવેજોને અનુમોદન આપેલ છે. વધુમાં નામદાર કોર્ટે આરોપીને ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે પૂરતી તકો આપેલ છે. રેકોર્ડ જોતા આરોપીને ફરિયાદીની ઉલટતપાસ કરવા પૂરતી તક આપવા છતાં ઉલટતપાસ કરેલ ના હોય સદર કામ આરોપીના વધારાના નિવેદન ઉપર રાખવામાં આવેલ પરંતુ આરોપી તેમના વિશેષ નિવેદન માટે પણ હાજર રહેલા નથી જેથી ફરિયાદીવાળા ચેકમાં આરોપીએ તેઓની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી.

૧૦.. ફરિયાદીએ આ કામે રજૂ થયેલ આંક–૧૭ થી આંક–૨૧ સુધી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. જે પુરાવા બાબતે બચાવપક્ષ તરફે તેને ખંડન કરતા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આ કામે પૂરતી તક આપવા છતાં રજૂ કરેલ નથી.

૧૧.. ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ આરોપીએ હિસાબ પેટે અથવા કાયદેસર ની જવાબદારી અને દેવું પૂરું કરવા સારું ફરિયાદીવાળો તકરારી ચેક આપેલ હોવાનું ફરિયાદ પક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે તેવું કોર્ટનું માનવું છે. વધુમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૧૮ અને ૧૩૯ અનુમાન નું ખંડન કરતો કોઈ પુરાવો આરોપી પક્ષ દ્વારા રેકોર્ડ ઉપર લાવી શક્યા નથી. આમ, તકરારી ચેકમાં આરોપીની સહી હોવાની ફરિયાદીની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, એ પુરવાર થાય છે કે આરોપી દ્વારા નિભાવવામાં આવતા ખાતાના, ફરિયાદીવાળા તકરારી ચેકમાં આરોપીની સહી છે.

૧૨.. ફરિયાદપક્ષનો પુરાવો રજૂ થયા બાદ આરોપી કેસ કાર્યવાહીમાં પોતાનો બચાવ રજૂ કરવા માટે હાજર રહેલા નથી. તેમજ ફરિયાદીનું પુરાવાનું સોગંદનામું તથા રજૂ તમામ દસ્તાવેજી પુરાવાઓ આરોપીને આપેલા હોવા છતાં તેઓએ આ પુરાવાઓનો ઈન્કાર કરવા માટે હાજર રહેલા નથી. તેમજ આરોપીને ફરિયાદી દ્વારા તેઓના વિરુદ્ધમાં જે કોઈ પુરાવો રજૂ કરેલ છે, તે તમામની નકલ આપેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં આરોપી દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૨) મુજબની કોઈ અરજી આપેલ ન હોય, કે તેઓ પોતે ફરિયાદીની ઉલટતપાસ કરવા માંગે છે, તેવી રજૂઆત કરેલ હોય તેવું રેકોર્ડ ઉપરથી જણાઈ આવતું નથી. આમ, આરોપી પોતાની સામેના તમામ પુરાવાઓ જાણતો હોવા છતાં તેનો ઈન્કાર કરવા કે પોતાનો બચાવ રજૂ કરવા માટે હાજર રહેલા નથી, ત્યારે હાલના આરોપીએ તેઓની સામેના આક્ષેપમાંથી પ્રથમથી જ કોઈ બચાવ રજૂ કરેલ ન હોય, અને જ્યારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે, ત્યારે તેની નામદાર અદાલત સમક્ષ હાજર થવાની પવિત્ર ફરજ છે.

૧૩.. ફરિયાદી તરફે તેઓની મૌખિક દલીલમાં મહત્તમ રીતે ફરિયાદીએ

તેઓનો કેસ પુરવાર કરેલ હોવાનું તેમજ તેના સમર્થનમાં આપેલ પુરાવાના સોગંદનામા અન્વયે આરોપી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપીને પૂરતી તક આપેલ હોવા છતાં આરોપીએ પોતાનો બચાવ રજૂ કરેલ ન હોય અને ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય તથા આરોપી દ્વારા આ કામે તેઓના બચાવમાં કોઈ સાક્ષી કે પુરાવાઓ રજૂ કરેલા નથી કે જાતે Witness Box માં આવીને જુબાની આપેલ ન હોય, તેમજ રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી સાથે વ્યવહાર કરેલ હોવાનું અને તેના લેણાં પેટે વાદગ્રસ્ત તકરારી ચેક આપેલ હોવાનું ફરિયાદી પુરવાર કરતા હોય, જેથી ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય, તેમજ આરોપી તરફે કોઈ સાક્ષી તપાસેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી વિરુદ્ધ ગુનો પુરવાર થતો હોય, કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે. આરોપીએ આ કામે હાજર રહી કોઈ દલીલ કે રજૂઆત કરેલ નથી.

**૧૪..** આ કામે આંક–૪ થી ફરિયાદીનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમની આંક–૧ ની ફરિયાદના સમર્થનમાં અને તેને અનુરૂપ સોગંદનામું આપેલ છે તથા ફરિયાદીવાળો તકરારી ચેક રજૂ કરેલ છે જે ચેક તેઓએ બેંકમાં જમા કરાવતા "ફંડ્સ ઈનસફિશિયન્ટ" ના કારણે ચેક પરત ફરેલ હોવાનું જણાવેલ છે. ચેક પરત ફરતા વકીલ મારફત નોટિસ મોકલેલ જે નોટિસ આંક–૧૯ થી રજૂ છે. નોટિસ બાદ આરોપીએ નાણાં ચૂકવેલ ન હોય હાલની ફરિયાદ કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરિયાદી દ્વારા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની તમામ કાર્યવાહી કરેલ હોવાનું ફલિત થાય છે. આરોપી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય, ઉલટતપાસનો હક બંધ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો ફરિયાદીએ તેમાં જણાવેલ હકીકતો તેમની ફરિયાદને મદદરૂપ થતી હોવાનું તથા

આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક રિટર્ન થયેલ તેમજ તે અંગેની કાયદેસરની નોટિસ આપતા નોટિસ મુજબના નાણાં આરોપીએ ચૂકવેલ ન હોય જેથી હાલની ફરિયાદ કરેલ હોવાનું પુરવાર થાય છે. ફરિયાદીની ફરિયાદ તથા પુરાવાનું સોગંદનામું વંચાણે લેતા ફરિયાદીએ આરોપી સામેનો કેસ પુરવાર કરેલ હોવાનું ફલિત થાય છે.

**૧૫..** ઉપરોક્ત મુજબની કાયદાકીય જોગવાઈઓ તથા પુરાવાઓને વંચાણે લેવામાં આવે તો ફરિયાદી દ્વારા વાદગ્રસ્ત તકરારી ચેક આરોપીએ આપેલ હોવાનું અને તે ચેક તેઓએ તેમના ખાતામાં જમા કરાવતા સદર ચેક "ફંડ્સ ઈનસફિશિયન્ટ" ના કારણોસર પરત ફરેલ અને જે અંગેની નોટિસ ફરિયાદીએ આરોપીને આપતા તે નોટિસ આરોપીને મળી ગયેલ હોવાનું અને નોટિસ મળેલ હોવા છતાં નોટિસનો કોઈ જવાબ આપેલ ન હોય તે નોટિસ મુજબનું વર્તન કરેલ ન હોય, જેથી ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ આરોપીએ હાજર થયા બાદ આરોપીની પ્લી રેકોર્ડ કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં એક તબક્કે માની લેવામાં આવે તો આરોપીને નોટિસ મળેલ નથી તો પણ આરોપી નામદાર કોર્ટમાં હાજર થયા બાદ તેમને હાલના કેસની જાણ થયેલ હોય તેવા સંજોગોમાં નામદાર અદાલતમાં હાજર થયા બાદ પણ નોટિસ મુજબના નાણાં ચૂકવી શકેલ નથી. આમ, આરોપીએ ફરિયાદવાળો તકરારી ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા ફરિયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે.

**૧૬..** હાલના કેસમાં આરોપી દ્વારા એવો કોઈ પુરાવો આપેલ નથી કે ફરિયાદીનું કાયદેસરનું કોઈ લેણું નથી. ફરિયાદી દ્વારા આરોપીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવતા પરત થયેલ હોવાનું તથા તે ચેક પરત થવાનું કારણ "ફંડ્સ ઈનસફિશિયન્ટ" તથા આરોપીને નોટિસ આપેલ હોવાનું પુરવાર કરેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદી દ્વારા આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૮ મુજબનો

ગુનો પુરવાર કરેલ હોવાનું ફલિત થાય છે.

**૧૭..** જ્યારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની નામદાર અદાલત સમક્ષ હાજર થવાની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પૂરતી તક આપવામાં આવેલ હોવા છતાં પણ આરોપી હાજર રહેલા ન હોય તો તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી યેનકેન પ્રકારે છટકવા કે જાણી જોઈને લપાતા, છુપાતા ફરતા હોય કે પોતાની સામેની ફોજદારી કાર્યવાહીથી બચવા કે ઇન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાખવા કે ખોરંભે ચઢાવવા સક્રિય બન્યા હોય ત્યારે તેવા સંજોગોમાં નામદાર અદાલત સમક્ષ ન્યાય માટે ગુહાર લગાવનાર ફરિયાદીની ન્યાયતંત્રમાં અને ન્યાયપ્રણાલીમાં રહેલ વિશ્વાસ, આસ્થા અને શ્રદ્ધાને ટકાવી રાખવા તેમજ ગુનાનો ભોગ બનનારને ન્યાય મેળવવા માટે વલખા ન મારવા પડે તેવા શુભાશય સાથે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે તેમ છે. ઉપરાંત, ભારતીય સુરક્ષા સંહિતાની કલમ–૩૯૨(૬) (ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૫૩(૬))ની જોગવાઈ મુજબ નામદાર અદાલત આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકે છે. "Be You Ever So High, But The Law Is Above You", કાયદાથી પર કોઈ નથી. પ્રત્યેક આરોપીને તેની સામેના ફોજદારી ગુનાની કાર્યવાહીમાં બચાવની તક મળવી જ જોઈએ અને નામદાર અદાલતે પણ આરોપીને બચાવની તક આપવી જ જોઈએ, એ બાબત રક્ષણાત્મક જોગવાઈ છે. પરંતુ મોટા ભાગના કિસ્સામાં અને ખાસ કરીને આરોપીઓ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૮ મુજબના ગુનાના કામે આ રક્ષણાત્મક જોગવાઈનો એક હથિયાર તરીકે ઉપયોગ કરીને ઈન્સાફી કાર્યવાહીને વિલંબમાં નાખવા અને તેને નિષ્ક્રિય બનાવવા અથવા શિથિલ બનાવવા એડીચોટીનું જોર લગાવીને યેનકેન પ્રકારે પ્રયત્નો કરતા હોય છે. નામદાર ગુજરાત વડી અદાલતે **Sharad Jethalal**

**Salva Vs. State of Gujarat, Criminal Misc. Application No.19862/2015, dt. 14.11.2016,** માં ઠરાવેલ છે કે**,**

Para 16 : " if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is in powerful or powerless, the criminal law is equally applied to all equally.

Para 17 : " Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. The purpose of the Constitution itself is to equalize the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must

willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Courts).

**૧૮..** આમ, ઉપરોક્ત ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે, જ્યારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની નામદાર અદાલત સમક્ષ હાજર થવાની પવિત્ર ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવાની આરોપીને પૂરતી તક આપવામાં આવેલ હોવા છતાં પણ આરોપી હાજર રહેલા ન હોય તો તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે.

**૧૯..** નામદાર ગુજરાત વડી અદાલતે Mukeshbhai Ishwarbhai Prajapati Vs. State of Gujarat, Spl. Criminal Application No. 4194/2014 માં ઠરાવેલ છે કે, "Yet again in a recent pronouncement of the Supreme Court of India of Indian banks Association and Others and union of India and others (2014) 5 SCC 590, the Supreme Court reiterated the position of law explaining that under section 145 of the Act, the complainant can give his evidence by way of an affidavit and such affidavit shall be read in evidence in any inquiry trial and other proceeding in the Court, which makes it clear that complainant is not required to examine himself twice i.e. one after filing the complaint and one after summoning of the accused. The court further explained that the affidavit and the documents filed by the complainant along with the complaint for summon in stage and the post summoning stage. In other words, there is no necessity to recall and re-examine the complainant after summoning the accused, unless the Magistrate passes a specific order as to why the complainant is to be recalled. such an order is to be passed on an application made by the accused or under section 145(2) of the Act suo-motu by th court." ફોજદારી કાર્યવાહી અધિનિયમમાં આરોપીની ગેરહાજરી અને ચુકાદાની જાહેરાત બાબતે કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લેતા.

**Section 353. Judgment**

No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery there of, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

**Section 418. Execution of sentence of imprisonment**

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprisonment for a term in cases other than those provided for by section 413, the Court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined, and, unless the accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant :

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court, it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place as the Court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in subsection (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined; and in such case,the sentence shall commence on the date of his arrest.

**૨૦..** ઉપરોક્ત ચર્ચાઓ અને ચુકાદાઓ વંચાણે લેતા ફરિયાદી દ્વારા કાયદેસરનું લેણું હોવાનું પુરવાર થયેલ હોય અને તે લેણાં પેટે આરોપી દ્વારા વાદગ્રસ્ત તકરારી ચેક આપવામાં આવેલ હોય, તેવા સંજોગોમાં અને આરોપી દ્વારા કોઈ જ પ્રકારના કોઈ બચાવ રજૂ જ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરિયાદીના હાલના કેસમાં કોઈ

પ્રકારની કોઈ પણ શંકા ઉપસ્થિત થતી હોય કે ઉદભવતી હોય તેવું જણાતું નથી. આમ, ફરિયાદી મજકૂર આરોપી સામેની પોતાની ફરિયાદ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ થયેલ હોવાનું માનીને મુદ્દા નં.૧ નો જવાબ "**હકારમાં**" ઠરાવવામાં આવે છે.

આરોપી પક્ષને સજા બાબતે સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૭, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)**
**પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,**
**નડિયાદ.**
**જજ કોડ નં.૦૧૨૭૦**

**તા.૦૭/૦૪/૨૦૨૬**
**સ્થળ–નડિયાદ**

**૨૧..** બચાવપક્ષ તરફે કોઈ હાજર નથી. ફરિયાદપક્ષ તરફેની રજૂઆત કરતા તેઓ જણાવે છે કે, આરોપી સામેનો ગુનો પુરવાર થયેલ છે જેથી મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર પેટે ફરિયાદીને રકમ ચૂકવી આપવાનો હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા આરોપી જ્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે કસૂરવાન હોય ત્યારે તેને સજા કરતા આરોપીની ઉંમર તથા કૌટુંબિક અને સામાજિક જવાબદારી તથા તકરારી ચેકની રકમ ધ્યાને લેતા નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા રિવાસમેન વિરુદ્ધ બેબે, એ.આઈ.આર. ૨૦૧૨, પાના નં.૫૨૮ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતને ધ્યાને રાખતા ચેક રિટર્નના સદર ગુનામાં આરોપી કસૂરવાન થાય ત્યારે તેને શું સજા કરવી તે ધ્યાને રાખી ન્યાયના હેતુ સરે તે અનુસાર મુદ્દા નં.૨ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧.. આ કામના આરોપી **વિશાલકુમાર ધીરુભાઈ મકવાણા,** રહે.૮૭/૧, ઈશ્વરકૃપા સોસાયટી, મુ.પો.ભાદરણ, તા.બોરસદ, જી.આણંદ નાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને બે (૨) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે. આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી. સી.ની કલમ ૩૫૩(૬) (બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨(૬)) મુજબ હુકમ જાહેર કરવામાં આવે છે.

૨.. ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) (બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩)) મુજબ ફરિયાદીવાળા ચેકની રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચૂકવી આપવી. આરોપીએ સદર કામના ટ્રાયલ દરમિયાન જો

કોઈ રકમ ફરિયાદીને ચૂકવેલ હોય તો તે રકમ મજરે આપવી. જો આરોપી વળતરની રકમ આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૧૫ દિવસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

૩.. આ કામે આરોપીનો પોકાર કરાવતા આરોપી હાજર રહેલ નથી અને આરોપી દ્વારા કેસની ઈન્સાફી કાર્યવાહી સતત ગેરહાજર રહી વિલંબિત કરેલ હોવાથી આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) (બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨(૬)) મુજબ સદર ચુકાદો જાહેર કરવો ન્યાયોચિત જણાતું હોય, આરોપીની ગેરહાજરીમાં સદર ચુકાદો જાહેર કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી.ની કલમ–૪૧૮(૨) (બી.એન.એસ.એસ. ની કલમ–૪૫૮(૨)) મુજબનું સજા વોરંટ ઇસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે એસ.પી.શ્રી, નડીઆદ/સંબંધિત પો.સ્ટે.ને મોકલવા આથી હુકમ કરવામાં આવે છે.

૪.. આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ (બી.એન.એસ. એસ.ની કલમ–૪૬૮) મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૫.. આ હુકમની ખરી નકલ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) (બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪(૧)) અન્વયે આરોપી મળી આવ્યાથી આરોપીને તાત્કાલિક વિના મૂલ્યે પૂરી પાડવી.

આ હુકમ આજરોજ તા.૦૭, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)**
**પાંચમાં એડી. ચીફ જ્યુડિ. મેજિસ્ટ્રેટ,**
**નડિયાદ.**
**જજ કોડ નં.૦૧૨૭૦**

**તા.૦૭/૦૪/૨૦૨૬**
**સ્થળ–નડિયાદ**